**ભારતના જી-૨૦ સંગઠનના પ્રમુખપદ અંગે અભિનંદન પાઠવવા બાબત**

રાજધાની દિલ્હી ખાતે ભારત મંડપમ્ માં આયોજીત જી-૨૦ ની બે દિવસની બેઠક તાજેતરમાં સંપન્ન થઈ છે.

વર્ષ ૧૯૯૯ ની નાણાકીય કટોકટી બાદ જી-૨૦ ની સ્થાપના થઇ હતી. ભારતના દિર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના અવિરત પ્રયાસોને કારણે ભારતને જી-૨૦ નું પ્રમુખપદ હાંસલ થયેલ છે. ભારત ૧ ડીસેમ્બર ૨૦૨૨ થી ૩૦ નવેમ્બર ૨૦૨૩ સુધી જી-૨૦ નું પ્રમુખપદ સંભાળી રહેલ છે.

વૈશ્વિક નેતૃત્વ પુરુ પાડનાર વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ દેશભરમાં જી-૨૦ ની ૨૦૦ થી વધુ બેઠકો ૬૦ જેટલા અલગ-અલગ સ્થળોએ સફળતાપૂર્વક યોજવામાં આવી. આ પૈકી ગુજરાતને ૧૭ બેઠકોની યજમાની કરવાની તક મળી છે.

જી-૨૦ ગ્રુપના દેશોની કુલ જી.ડી.પી. વૈશ્વિક જી.ડી.પી. ના અંદાજે ૮૫ ટકા છે જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારનો અંદાજે ૭૫ ટકા હિસ્સો આ દેશો ધરાવે છે અને તે રીતે જી-૨૦ દેશોના નિર્ણયોથી વૈશ્વિક અર્થવ્યવસ્થા સ્વભાવિક રીતે પ્રભાવિત થાય છે. સદરહુ સમિટના તખ્તા પરથી ભારતે અનેક આર્થિક સિદ્દિઓ હાંસલ કરી છે જેના કારણે વિશ્વની ત્રીજા નંબરની આર્થિક મહાસત્તા બનવાના લક્ષ્યને હાંસલ કરવામાં તેમજ સને ૨૦૨૫ સુધીમાં ભારતમાં ત્રણ ટ્રિલીયન ડોલરથી વધુનું આવનાર રોકાણ મહત્વનું બની રહેશે. આજ બતાવે છે કે, ભારત એટલે બીઝનેસ.

ભારત મંડપમ્ ખાતે સમિટના અંતિમ સત્રમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યુ હતુ કે ૫૫ દેશોના સંગઠન આફ્રિકન સંઘનો જી-૨૦ માં કાયમી સભ્યપદ તરીકે સ્વીકાર કરવો તે ભારતના પ્રમુખપદ માટે એક સીમાચિન્હરૂપ સિદ્દિ છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારતે મોટી કૂટનીતિક સરસાઈ મેળવી લીધી છે અને વૈશ્વિક સમસ્યાઓ તેમજ પડકારોના ઉકેલ લાવવામાં ભારતનો અવાજ આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત બન્યો છે.

અમેરિકા જેવી મહાસત્તાના પ્રમુખ બાઈડેને પણ આ પ્રસંગે ઉલ્લેખ કરેલ કે ભારતના પ્રમુખપદે સાબિત કર્યુ છે કે જી-૨૦ વિશ્વના મહત્વના મુદ્દાઓનો ઉકેલ લાવવા સક્ષમ છે. વૈશ્વિક સ્તરે ભારતનો ડંકો વાગી ચુક્યો છે. જોગાનુજોગ અમૃતકાળમાં જ ભારતના એક નવા યુગનો શાનદાર પ્રારંભ થઈ ચુક્યો છે જે ગુજરાત અને રાષ્ટ્ર માટે ગૌરવની બાબત છે.

સમિટમાં અમેરિકાના પ્રમુખ ઉપરાંત બ્રિટનના વડાપ્રધાન, જાપાન, ઈટલી, જર્મની, બાંગ્લાદેશ તેમજ ઈન્ડોનેશિયાના વડાપ્રધાન, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ, સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ સહિત અનેક મહાનુભાવોએ ભાગ લઈ અનેક રચનાત્મક સુચનો કરેલ છે. સમિટમાં ઉપસ્થિત સૌ મહાનુભાવોએ ભારતની

ભવ્યતાની ઝાંખી પણ નિહાળી. આદરણીય વડાપ્રધાને વૈશ્વિક મંચ પર પણ સર્વસમાવેશક વિકાસની તરફેણ કરી સૌનો આદર મેળવ્યો.

સદરહુ સમિટમાં સર્વાનુમતે નવી દિલ્હી ઘોષણાપત્ર પણ જાહેર કરાયુ. સમિટમાં ગ્લોબલ બાયો ફ્યુઅલ એલાયન્સની ઘોષણા, ભારત - મધ્યપૂર્વ અને યુરોપ વચ્ચે ઈકોનોમિક કોરિડોરની રચનાનો પ્રસ્તાવ, પર્યાવરણ અને ક્લાઈમેન્ટ ચેન્જ ઉપર નિરિક્ષણ માટે ઉપગ્રહ લોન્ચ કરવાની યોજના જેવી બાબતો હાથ ધરાઈ. સમિટમાં જી-૨૦ દેશોએ એક અવાજે એવી પણ ચેતવણી ઉચ્ચારી કે પરમાણુ હથિયારોનો ઉપયોગ અથવા તેની ધમકી સાંખી નહિ લેવાય. ૩૭ પાનાના ઘોષણાપત્રમાં પણ યુક્રેનનો ઉલ્લેખ કરી કહેવાયુ કે આજનો સમય યુધ્ધનો નથી.

સંગઠનના બધા જ દેશોએ આતંકવાદની ટીકા કરી હતી તેટલું જ નહિ પણ આતંકી જૂથોને આશ્રય, આર્થિક અને રાજકીય સમર્થન મળતુ રોકવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગની હિમાયત કરી હતી. "વન અર્થ" સત્રને સંબોધન કરતા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યુ હતુ કે આપણે બધાએ સાથે મળીને ચાલવાનો સમય છે અને " સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ " નો મંત્ર આપણા સૌ માટે માર્ગદર્શક બની શકે છે અને સૌએ સાથે મળીને સંયુક્ત રાષ્ટ્રના ઉદ્દેશો અને સિધ્ધાંતોને અનુરૂપ પણ કામ કરવુ જોઈએ.

આજે જ્યારે વૈશ્વિક અર્થતંત્ર અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે, આબોહવા પરિવર્તન સાથે સંકળાયેલા પડકારો અને યુધ્ધની પરિસ્થિતિ વચ્ચે પણ આદરણીય વડાપ્રધાનના દ્રઢ મનોબળ, વૈશ્વિક નેતૃત્વની પ્રભાવી છાપ, કૂટનીતિ સાથે શાંતિદૂત બનીને મોટાભાગના મુદ્દાઓનો સમિટમાં વાટાઘાટોથી ઉકેલ લાવી શકાયો તે ભારત માટે ગૌરવની બાબત છે.

" એક ધરતી, એક પરિવાર, એક ભવિષ્ય " ની રૂપરેખા સંપન્ન થાય, સમગ્ર વિશ્વમાં આશા અને શાંતિનો સંચાર થાય તેવી કામના સાથે આદરણીય વડાપ્રધાને જી-૨૦ બેઠકનું સમાપન કર્યું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સમસ્યાઓ અને તેના સમાધાન પર થયેલ વિચાર મંથન બ્રાઝિલના નેતૃત્વ હેઠળ આગામી સમયમાં મહત્તમ પરિણામલક્ષી બની રહે તે માટે ભારતના વડાપ્રધાન સતત માર્ગદર્શક બનતા રહે તેવી આ સભાગૃહ તેઓશ્રીને શુભેચ્છા પાઠવે છે તેમજ જી-૨૦ નું નેતૃત્વ શોભાવવા બદલ કોટી-કોટી વંદન કરી હાર્દિક અભિનંદન પાઠવે છે.

(જગદીશ વિશ્વકર્મા)